## ગેસ્ટ્રોસ્કોપી એટલે શું?

અપર એન્ડોસ્કોપી તે એક એવી તપાસની પ્રક્રિયા છે જેનાથી સર્જન ડૉક્ટર અન્નનળી ની આંતરિક રચના, જઠર અને નાના આંતરટાનો શરૂઆતનો ભાગ (ડયુઓડિનમ) નું પરિક્ષણ કરી શકે. આ માટે આશરે આંગળી જેટલી જાડી વળી શકે તેવી ટયુબ જેમાં પ્રકાશ હોય તે મોઢા વાટે દાખલ કરી જઠર અને નાના આંતરડાની શરૂઆતના ભાગ સુધી લઈ જવામાં આવે છે.

## ગેસ્ટ્રોસ્કોપી શા માટે કરવી પડે છે?

પાચનતંત્રના શરૂઆતાના અવયવોને લગતાં વારંવાર અનુભવતા લક્ષણો જેવા કે પેટમાં ઉપરના ભાગે દુઃખાવો, ઉપકા આવવા, ઉલટી થવી, ગળવામાં થતી મુશ્કેલી, છાતીમાં બળતરાનું મૂલ્યાંકન અને નિદાન માટે ગેસ્ટ્રોસ્કોપી કરવી જરૂરી બને. ઉપર તરફના પાચનતંત્રમાંથી થતાં રકતસત્રાવનું કારણ જાણવા માટે આ એક ઉત્તમ તપાસ છે.

અનનળી, જઠર, ડયુઓનિયમમાં થયેલ સોજો, ચાંખા કે ગંઠના નિદાન માટે આ તપાસ એકસ-રે કરતા વધુ ચોકસાઈપૂર્ણ છે. આ તપાસ દ્વારા શેકાશિઈ ભાગમાંથી બાયોપ્સી કરી શકાય જેનાથી વહેલા તબકકે કેન્સરનું નિદાન થઈ શકે. દૂરબીનની તપાસ (એન્ડોસ્કોપી) દરમ્યાન ખાસ પ્રકારના સાધનથી બાયોપ્સી લેવામાં આવે, લેબોરેટરીમાં વિસ્તૃત પરિક્ષણ માટે મોકલવામાં આવે. કેન્સર હોવાની શંકાથી જ બાયોપસી લેવામાં આવે તેમ નથી કારણકે અન્ય કારણોસર પણ તે જરૂરી હોય છે.

તપાસ દરમ્યાન એન્ડોસ્કોપી માટે ખાસ પ્રકારના સમધનો વાપરી શકાય જેનાથી નહિવત તકલીફ સાથે ઘણી બધી અસામાન્ય સ્થિતીની સારવાર પણ કરી શકાય. જેમ કે, નળીનો સાંકડો ભાગ પહોળછી કરી શકાય, મસા દૂર થઈ શકે, ગળી ગયેલો ,દાર્થ કાઢી શકાય, રકતસત્રાવ કાબુમાં લઈ શકાતો હોવાના કારણે ઘણા દર્દીને લોહીના બાટલા ચઢાવવામાંથી અને ઓપરેશનમાંથી મુકિત મળી શકે છે.

## ગેસ્ટ્રોસ્કોપી માટે શું પૂર્વ તૈયારી કરવી પડે?

જઠર બિલકુલ ખાલી હોવું જોઈએ, તપાસના ૬ કલાક અગાઃથી ખાવું પીવું બિલકુલ બંધ હોવું જોઈએ. સામાન્ય રીતે મોટાભાગની દવાઓ ચાલુ રાખી શકાતી હોય છે. એસ્પીરીન, વિટામીન ઈ, દુઃખાવાની દવાઓ, લોહી પાતળું થવાની દવા કે ઈન્સયુલીન જો ચાલુ હોય તો ડૉકટર સાથે તે વિશે ચર્ચા કરવી.

જો આપ હૃદય કે ફેફસાના કોઈ રોગથી પીડાતા હો તો તપાસ દરમ્યાન વધુ કાળજી લઈ શકાય તે માટે અગાઉથી જાણ કરવી.

અપર એન્ડોસ્કોપી તપાસ માટે તમને હળવા પ્રમાણમાં ઉંઘ આવે તેવી દવા આપજામાં આવે અને આપને તે દિવસ માટે તેની સાધારણ અસર હોય, માટે એક દિવસ આપ ડ્રાઈવિંગ ન કરો તે હિતાવહ છે.

## ગેસ્ટ્રોસ્કોપી તપાસ દરમ્યાન આપ શું અનુભવો?

તપાસ દરમ્યાન આપ તનાવમુકત રહો તે માટે લોહીની નળીમાં ઈંજેકશન આપવામાં આવે અથવા ગળામાં સ્પ્રે દ્વારા રકતવાહિની એનેસ્થેશીયાની દવા આપવામાં આવે. તપાસ દરમ્યાન સીધા અથવા એક પડખે સુવાઠીને તમારા મોઢા વાટે એન્ડોકોપ દાખલ કરવામાં આવે જે અન્નનળી અને જઠરમાંથી પસાર થઈ નાના આંતરડાની શરૂઆતના ભાગ સુધી પહોચાડાય. વધુ સારી રીતે જોઈ શકાય તે માટે જઠરમાં વાયુ (હવા) ઉમેરવામાં આવે જેનાથી જઠરની આંતરિક રચના યોગ્ય રીતે દેખાય. તપાસ માત્ર ૧૫ થી ૨૦ મિનીટમાં જ થઈ શકે અને એન્ડોસ્કોપી શ્ર્વાસોશ્ર્વાસને કોઈ દખલ પહોંચાડતી નથી. મોટાભાગના દર્દી તપાસ દરમ્યાન શાંતીથી સૂઈ શકે. કોઈ ક જ દર્દીને સાધારણ ઓછી અનુકૂળતા લાગે.

## ગેસ્ટ્રોસ્કોપી પછી શું થાય?

આપને આપવામાં આવેલ દવાની અસર ઓછી થાય ત્યાં સુધી આશરે એક - બે કલાલ સુધી તમને દેખરેખ હેઠળ હોસ્પિટલ માં રાખવામાં આવે. એક-બે દિવસ ગળામાં આખું લાગે તેમ બને. તપાસ દરમ્યાન જઠરમાં ઉમેરવામાં આવેલ વાયુને કારણે ઓડકાર આવી શકે. ખાસ સૂચના ન આપવામાં આવે તે તમામ દર્દી તપાસના ત્રણ ચાર કલાક બાદ રોજીંદો ખોરાક, પાણી બધું જ લઈ શકે છે. જો બાયોપ્સી લેવાની જરૂર ન હોય તો એન્ઠોસ્કોપી પરિક્ષણના પરિણામ ડોકટર તમને તે જ દિવસે જણાવી દેશે. જો બાયોપ્સ લીધેલ હોય તો ત્રણ થી પાંચ દિવસમાં તેનો રિપોર્ટ તૈયાર થાય.

## ગેસ્ટ્રોસ્કોપી દરમ્યાન પછી કેવી મુશ્કેલી થઈ શકે?

યોગ્ય નિપુણતા ધરાવતા ડૉકટર જો આ તપાસ કરે તો સામાન્યતઃ તે ખૂબ સુરક્ષિત છે. ભાગ્યે જ કોઈ તકલીફ કે અપધારી મુશ્કેલી જેવી કે બાયોપ્સી લીધેલ ભાગમાંથી વધુ લોહી વહી જવું, મસો કાઢેલ ભાગમાંથી રકતસ્ત્રાવ કે આંતરડામાં માણું પડવું તેમ. કયારેક એનેસ્થેસિયાની દવાનું રિએકશન આવી શકે. રકતવાહિની (નસ) માં આપેલ ઈંજેકશન થી બળતરા કે અન્ય તકલીફ કયોરક જ થાય અને સહેજ દુ ખાવો થોડા અઠવાડિયા થઈ શકે. આ માટે જરાક ગરમ શેક કરવાથી રાહત અનુભવી શકાય.

સંભવિત મુશ્કેલી તેમ જ આડ અસરના લક્ષણો વહેલાસર ઓળખી લેવાય તો સરળથ્તાથી તેની વધુ વિપરત અસરો થતી અટકાવી શકાયે આવા લક્ષણોને તરત ન ડૉકટરને જાણ કરવી. દા.ત.ગળવામાં તકલીફ, ગળાનલ દુઃખાવો વધે, વછાતીમાં દુઃખાવો, પેટમાં સખત દુઃખાવો, તાવ, ઠંડી લાગવી કે ઝાડા વાટે લોહી જવું.

## ગેસ્ટ્રોસ્કોપી
## આપના હિત માટે પ્રકાશિત


હરિભક્તિ સર્જીકલ હોસ્પિટલ

૫૦૮, સંગીતા કોમ્પ્લેક્ષ, ડૉક્ટર હાઉસ સામે, પરીમલ ક્રોસીંગ પાસે, અમદાવાદ– ૬.

ફોન: ૨૬૪૬ ૧૧૮૬, ૨૬૪૬ ૨૨૮૬